॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોશીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર વદ : ૦૫ | બુધવાર | તા.: ૧૪.૧૨.૨૦૨૨ | SDP No. : 965 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

યુવાસંઘ દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા (DMG) રીજીયન ટર્મ 21-23 ની ત્રીજી કારોબારી સભા – ચીપલુન

દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા રીજીયન ની ત્રીજી કારોબારી સભા માં ઉપસ્થિત મંચસ્થ હોદેદાર

શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા (DMG) રીજીયન ની ત્રીજી કારોબારી સભા ગત રવિવાર તા. 11-12-2022 સવારના 9:00 કલાકે ચીપલુન મુકામે D.M.G રીજીયન ચેરમેન શ્રી ઇશ્વર પોકારના અધ્યક્ષતામાં આયોજન કરવામાં આવેલ.

કારોબારી સભાની શરૂઆત ચીપલુન તાલુકા પાટીદાર યુવા મંડળના મંત્રી નિતેશ દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

રીજીયનના જોઈન્ટ સેક્રેટરી ગોવિંદ છાભૈયા દ્વારા રાષ્ટ્રગીત ગાઇને સભાની શરૂઆત કરવામાં આવેલ હતી.

રીજીયનના હોદ્દેદારો દ્વારા ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી માં ઉમિયા ની પૂજા કરી સમુહ પ્રાર્થના કરેલ હતી. તેમજ સમાજમાં દુઃખદ અવસાન પામેલ વ્યક્તિઓના આત્માને શાંતિ માટે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ હતી..

રીજીયનના કારોબારી મિટિંગનું સંચાલન ચીફ સેક્રેટરી ઈશ્વર છાભૈયા દ્વારા કરવામાં આવેલ હતું.

રીજીયન ચેરમેન ઇશ્વર પોકાર દ્વારા શાબ્દિક સ્વાગત અને પ્રસ્તાવના પ્રસ્તુત કરવામાં આવેલ હતી.

રીજીયન જોઈન્ટ સેક્રેટરી ગોવિંદ છાભૈયા દ્વારા ગત મિટિંગની મિનિટ બુકનું વાંચન કરી બહાલી મેળવેલ હતી.

રીજીયનના Fund Rasing માટે રીજીયન નું કેલેન્ડર બનાવવામાં આવેલ હતું અને તેનું વિમોચન ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો હસ્તે કરવામાં આવેલ હતું. કન્વીનર મહેશ અને મોહનભાઈ દ્વારા ખૂબ જ સારી રીતે મહેનત કરી જાહેરાતના માધ્યમથી ભંડોળ એકત્રિત કરવામાં આવેલ હતું.કેલેન્ડર ની ડિઝાઇન બનાવવાનું કામ પરશુરામ વિભાગના વિભાગીય ચેરમેન સંજય છાભૈયા દ્વારા કરવામાં આવેલ હતું.

રીજીયન ટ્રેઝરર ગોવિંદ લીંબાણી દ્વારા ગત છ માસના આવક જાવક ના હિસાબોની રજૂઆત કરી બહાલી મેળવેલ હતી.

વિશેષ સન્માન:શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા મહિલા સંઘની સ્થાપના ગત તારીખ: ૧૨/૧૧/૨૦૨૨ ના કરવામાં આવેલ હતી અને તેના પ્રમુખ શ્રીમતિ પ્રેમિલાબેન રૂડાણી અને મહામંત્રી શ્રીમતિ ભાવનાબેન લીંબાણી નું સન્માન રીજીયન ચેરમેન ઈશ્વર પોકાર દ્વારા કરવામાં આવેલ અને તેમને મંચ ઉપર સ્થાન આપવામાં આવેલ.તેવીજ રીતે મહિલા સંઘના ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી તેમજ કારોબારી સભ્યોનું શાબ્દિક સ્વાગત રીજીયન વતીથી કરવામાં આવેલ હતું

કેન્દ્રીય યુવાસંઘ ની ગતિવિધિ નો અહેવાલ ઓશિયન કાઉન્સિલના સેક્રેટરી ગીરીષ ભાવાણી દ્વારા આપવામાં આવેલ હતો.

રીજીયન ચેરમેન દ્વારા DMG મહીલા શક્તિ સંગઠન નાં પ્રમુખ અને મહામંત્રી નું સન્માન કરવામાં આવ્યું અને જરૂર સંગઠન નાં આ નેતૃત્વ દ્વારા વિવિધ પ્રવૃતિઓ માં સહયોગ આપી કર્મઠ અને ગૌરવ થાય તેવા લીડર વિકાસ નું કાર્ય કરવામાં આવશે..

રદ્દી થી સમૃદ્ધિ, રિજીયન માં થયેલ ગતિવિધિ નો અહેવાલ રીજીયનના સેક્રેટરી કિશોર પોકાર દ્વારા આપવામાં આવેલ હતો.

કેન્દ્રીય યુવાસંઘ દ્વારા આયોજિત સ્વર્ણિમ મહોત્સવ નિમિત્તે ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટ સિકંદરાબાદ મુકામે આયોજન કરવામાં આવેલ છે. તેમાં રીજીયનની ટીમ પાર્ટિસિપેટ થયેલ છે, તેમના સિલેક્શન કેમ્પ રીજીયન દ્વારા લેવામાં આવેલ હતા, તેની વિસ્તૃત માહિતી રીજીયન સ્પોર્ટ્સ કન્વીનર વીસનજી વાસાણીએ આપેલ હતી.

રીજીયન ચેરમેન ઇશ્વર પોકાર દ્વારા આવનારા શ્રીસમાજ નાં સનાતની શતાબ્દી મહોત્સવ જેમાં રદ્દી સે સમૃદ્ધિ નાં પોતાના કરેલ સંકલ્પ ની જેમ હર ઘર પરિવાર નો સંકલ્પ મળે તેવો ભાવ વ્યક્ત કરેલ અને સાચા સમાજ નાં કાર્ય કરવાના અભિગમ સાથે યુવાઓ નું ઉત્તરદાયિત્વ આ સમયનું અદા કરવા કર્મઠ બનવા પ્રેરણા આપેલ. પોતાના માતા નાં જન્મ દીને નિમિતે સદ્દી અર્પણ નો સંકલ્પ જાહેર કરેલ તેવી ઉજવણી નો સુખંદઆનદ નો અનુભવ પણ વ્યક્ત કરેલ..

સનાતની શતાબ્દી મહોત્સવ નિમિત્તે યુવા

યુવાસંઘ દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા રીજીયન ની કારોબારી સભા માં ચેરમેન ઇશ્વરભાઇ દ્વારા નેતૃત્વ ટીમ સાથે દિપ પ્રજ્વલિત કરી સનાતન પરંપરા મુજબ આરંભ

સંગ દ્વારા લેવામાં આવનાર Knowledge Youth Carnival ની માહિતી ચીફ સેક્રેટરી ઈશ્વર છાભૈયા દ્વારા આપવામાં આવેલ હતી અને તેમના સિલેક્શન કેમ્પ આગામી સમયમાં લેવામાં આવશે એમ જણાવેલ હતું.

રીજીયનના મિશન ચેરમેન ધીરજ લીંબાણી એ રીજીયનના થીમ લીડર દ્વારા આગામી સમય દરમિયાન કરવાના કાર્યો પર સમીક્ષા કરાવવામાં આવેલ હતી.

DMG Region ની સ્થાપના ને 10 વર્ષ પૂર્ણ થતાં દશાબ્દિ મહોત્સવની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે અને આ ઉજવણીના ચેરમેન તરીકે ઈશ્વર પોકાર ની નિયુક્તિ સર્વાનું મતે કરવામાં આવેલ હતી. અને તેમના નેજા હેઠળ આયોજન સમિતિ નું ગઠન કરવામાં આવેલ. આગામી સમય દરમિયાન ખૂબ જ ધામ ધૂમતી દશાબ્દિ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.

રીજીયનના બંધારણમાં ફેરફાર કરવા બાબત ચર્ચા કરવામાં આવેલ હતી.

(૧) રીજીયન ચેરમેનના પદ માટે નામ નોંધાવતી જે વ્યક્તિ હોય તે વ્યક્તિને આપણા રીજીયનમાં ત્રણ ટર્મમાં હોદ્દેદાર તરીકે અનુભવ હોવો જોઈએ તેમાં બે ટર્મ કોર કમિટી નો અનુભવ હોવો જોઈએ અને એક ટર્મ મિશન લીડર અથવા સેન્ટ્રલની ટીમમાં સેવા આપેલી હોવી જોઈએ.

(૨) D.M.G રીજીયન માં જ્યારે A.G.M થાય ત્યારે તેમનો ખર્ચ કરવાની રકમ નક્કી કરવામાં આવે. જેમાં પ્રથમ A.G.M માં 50, 000 રૂપિયા રીજીયન દ્વારા ખર્ચ આપવામાં આવશે (બે દિવસ માટે) તેમજ ફાઇનલ AGM માં 75, 000 રૂપિયા ખર્ચ રીજયન દ્વારા આપવામાં આવશે (બે દિવસ માટે.) ઉપરના બંને ઠરાવ કારોબારી મિટિંગમાં સર્વાનું મતે મંજૂર કરવામાં આવેલ છે.

ખુલ્લા મંચ સમયે રીજીયન ના કારોબારી સભ્યો દ્વારા રીજીયન ના વિકાસ માટે સારા એવા મંતવ્યો આપવામાં આવેલ હતા.

રીજીયન ચેરમેન ઇશ્વર પોકાર એ આજની કારોબારી સભાને અંતે ઉદ્બોધન પ્રવચન કરેલ હતું.

અંતે મીઠો અને મધુરો એટલે આભાર વિધિ પરશુરામ વિભાગના ચેરમેન સંજય છાભૈયા દ્વારા કરવામાં આવેલ હતી અને મીટીંગ નો કામકાજ અધ્યક્ષ ની પરવાનગીથી સભા પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

Team DMG
પ્રવક્તા - વિનોદ પોકાર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

2026 પર્યંત તયાર હોણારે એક્સ્પ્રેસ-વે



Taj Mahal Hotel, Mumbai, lit up with the colors of Indian flag and G20 logo,
in view of 2022 G20 Summit ....

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

મેડીકલ સ્ટોર માટે સ્ટાફ જોઈએ છે

સંસ્થાનના ઉમિયા મેડીકલ સ્ટોર્સમાં ફાર્માસીસ્ટ અને મદદનીશ ની જરૂરીયાત હોઈ નીચે મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાના સંપૂર્ણ બાયોડેટા સાથે તા. ૧૭-૧૨-૨૦૨૨ સુધીમાં રૂબરૂ અથવા પોસ્ટ/કુરીયરથી પોતાના ઓરીજનલ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ, અનુભવના પ્રમાણપત્રો અને અપેક્ષિત પગાર સાથે અરજી મોકલી આપવી.

અ.નં.	જગ્યાનું નામ	લાયકાત	જગ્યા
૧	ફાર્માસિસ્ટ	સ્ટેટ ફાર્મસી કાઉન્સીલ ઓફ ગુજરાતમાં રજીસ્ટ્રેશન ધરાવનાર.	૧
૨	મદદનીશ	મેડીકલ સ્ટોર અંગેના જાણકાર.	૧

નોંધ :- નિમણૂંક કરવાનો અબાધિત અધિકાર સંસ્થાનો રહેશે.

દિલીપભાઈ એમ. પટેલ (નેતાજી)
માનદ્‌મંત્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા
Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha
Ph. 02767 - 245472, Mo. 8511016000, Unjha - 384170. (North Guj.)
www.maaumiya.com umiyamataji.unjha umiyamataunjha umiyamataji.unjha@gmail.com

સર્વ સન્તુ નિરામયા
"આરોગ્યક્ષેત્રે આત્મનિર્ભર કચ્છની ઉળાશ્રુતિ હવે જનજનસુધી"
શ્રી કચ્છી લેવા પટેલ સમાજ-ભુજ
શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન & મેડિકલ ટ્રસ્ટ,ભુજ
નિરામય કચ્છ ઐતિહાસિક અભિયાન અંતર્ગત

સર્વરોગ સંપૂર્ણ સારવાર મેગા મેડિકલ કેમ્પ

ગરીબોને તદ્દન નિઃશૂલ્ક, જરૂરીયાતમંદોને યોગ્યતા અનુસાર રાહતદરે

: મેડિકલ સંચાલન :
માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર (લેવા પટેલ હોસ્પિટલ) - ભુજ તથા કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, ભુજ

કેમ્પની તારીખ : ૨૫-૧૨-૨૦૨૨, રવિવાર, સવારે ૮ થી ૧
કેમ્પનુ સ્થળ : કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ કચ્છ યુનિવર્સિટી નજીક, ભુજ-ખુદ્રા રોડ,ભુજ-કચ્છ.
www.kkphospital.org Mo. : +91 70695 65565

કેમ્પમાં સેવા આપશે કચ્છ ગુજરાતના ખ્યાતનામ ડૉક્ટરો

હૃદયરોગ: ડૉ. જયદત્ત રેકાણી, ડૉ. મીત ઠક્કર
મગજના રોગો: ડૉ. તારેક ખત્રી
કિડનીના રોગો: ડૉ. વિજય નાવડિયા
યુરોલોજી: ડૉ. રોહન બત્રા
કેન્સર: ડૉ. વિકાસ ગઢવી
કેન્સર રેડીએશન: ડૉ. તરસીમ નલવાયા
ગેસ્ટ્રોલોજી: ડૉ.સુરેશ હિરાણી
ઈન્ટરવેન્શનલ રેડિયોલોજી: ડૉ.તેજેન્દ્ર રમાણી
મેડિસિન: ડૉ. મહાદેવ એસ.પટેલ, ડૉ. આશિષ મંડલીયા, ડૉ. કરણસિંહ સોઢા, ડૉ. ઋગ્વેદ ઠક્કર
હાડકાં: ડૉ. આનંદ હિરાણી, ડૉ. મયંક લીંબાણી
જનરલ સર્જન: ડૉ.અજય કારોગા, ડૉ. અમિત ચૌહાણ
લેબોરેટરી: ડૉ.નવીન પટેલ, ડૉ. વિશાલ ભુવા
સ્ત્રી રોગો: ડૉ.દિવ્યા રેકાણી, ડૉ. સારિકા ધોળકિયા
આંખ: ડૉ. ધવલ શાહ, ડૉ. ભરત વરસાણી
બાળ રોગ: ડૉ. જે.કે.દબાસીયા, ડૉ. ભીખુજી પટેલ, ડૉ. લલજીભાઈ વાઘજીયાણી, ડૉ. જેન્તી વરસાણી
એનેસ્થેટીસ્ટ: ડૉ. રાહુલ ત્રિવેદી, ડૉ. નીતેશ ગોસ્વામી, ડૉ. નિશીત રાજગુરુ
રેડિયોલોજી: ડૉ. દિવ્યરાજ જાડેજા, ડૉ.ભવ્ય ચૌહાણ, ડૉ. ભૂમીબા જાડેજા
કાન,નાક, ગળું: ડૉ. સી.વી. લીંબાણી, ડૉ. નીરજ જોબનપુત્રા
દાંતના રોગ: ડૉ. મૌલિકા પટ્ટણી, ડૉ. હિરેન વરસાણી, ડૉ. ભરત વરસાણી, ડૉ. એકતા ગાજપરિયા
ફિઝિયોથેરાપી: ડૉ. મનસુખ પાંચાણી, ડૉ. હરીશ વરસાણી, ડૉ. રમેશ વરસાણી, ડૉ. દક્ષા ભુડિયા
મેડિકલ ઓફિસર: ડૉ. જ્યોતિ પિંડોરીયા, ડૉ. હિતેશ પાંચાણી, ડૉ. રાજેશ ભંડેરી, ડૉ. ટ્રમીકલ વરસાણી, ડૉ. ભરત હિરાણી, ડૉ. વંદિત જોશી, ડૉ. મધુર મોરસીયા, ડૉ. વિજય મોર, ડૉ. જીતેશ ખત્રી, ડૉ. પ્રતિક્ષા મવાણી, ડૉ. દક્ષાન્ત પટેલ, ડૉ. હસ્તી મોર, ડૉ. મેહુલ જોશી, ડૉ. જગદીશ ભુવા, ડૉ. વનિતા હાલાઈ

નોંધ
- કેમ્પ માટે સ્થળ ઉપર જ દર્દીનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે.
- કેમ્પ સ્થળે રજીસ્ટ્રેશન થયેલ તમામ દર્દી માટે કેમ્પના ડોક્ટરની સલાહ મુજબ તમામ તપાસ પરીક્ષણ, દવા અને નિદાન નિઃશુલ્ક કરવામાં આવશે. જેમાં ઓપ્ટા-રે, લેબોરેટરી રીપોર્ટ, સોનોગ્રાફી, 2D ECO, CT SCAN, MRI, ANGIOGRAPHY સહિતના મોટા નિદાનોની સમાવેશ કરાયેલ છે.
- કેમ્પના દર્દીનો માટે સારવાર તથા ઓપરેશન ખર્ચ.એમ.પી.જે. તથા કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ભુજમાં કરવામાં આવશે.
- કેમ્પમાં આવતા દર્દીઓએ જૂના રિપોર્ટ, દવા તથા પાછી સ્ટેજ સારવારની હાલ સાથે લાવવી ફરજીયાત છે.
- કેમ્પના દર્દીઓના ઓપરેશન તથા સારવારમાં નરીયેન માત્ર તથા અન્યોને પાંચસો મુજબ એકાદ અથવા સંપૂર્ણ રાહત કિંમતીના નિર્ણય મુજબ પણ.
- કેમ્પમાં આવનાર, એન્જીયોગ્રાફી, હાડકાં, કેન્સર, કિડની, હૃદયરોગ, મગજ તથા અન્ય તમામ મોટા અને અતિ ગંભીર રોગોની સુપર સ્પેશિયાલિટી નિદાન-સારવારનો સમાવેશ કરાયેલ છે. બાબતમાના ઓપરેશન ભુજવાના ખ્યાતનામ કર્ટીયા સર્જન ડૉ.પ્રેમિન શાહ ભુજ સેવા કરશે.
- કેમ્પમાં આવેલ વાંધાના તમામ દર્દીનોના મોતીયો, વેન, ડાયાબેટીસ ઓપરેશન નિઃશુલ્ક કરી આપવામાં આવશે.
- કેમ્પના દર્દીઓને તદ્દન મફત કે અન્યોને રાહતદરનો નિર્ણય મેડિકલ કેમ્પની કમિટીના આખરી રહેશે.

© SKLPS - 2022

ફરી ઈતિહાસ રચાયો છે.

ગુજરાતમાં સતત ૦૭મી વાર ગુજરાતમાં ભાજપે સરકાર બનાવી છે. ભૂપેન્દ્ર પટેલે પણ રેકોર્ડ બનાવી દીધો છે. સતત બીજીવાર મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. આ સમયે ગુજરાતમાં રેકોર્ડબ્રેક મુખ્યમંત્રી રહેલા પી.એમ. નરેન્દ્ર મોદી પણ સાક્ષી બન્યા હતા. ભૂપેન્દ્ર પટેલે આજે શપથ લઈને હસ્તાક્ષર કર્યા હતા. ત્યારબાદ ફૂલ સ્પીડમાં વડાપ્રધાન ભણી દોટ મૂકી હતી. એટલું જ નહીં, સ્માઈલ સાથે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હેન્ડ શેક કર્યા હતા. ત્યારબાદ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મળતાં તેમણે ફૂલ આપ્યા હતા.

હેલિપેડ ગ્રાઉન્ડમાં શપથ યાદગાર બન્યાં

આજે ગાંધીનગરના સચિવાલય હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે ભૂપેન્દ્ર પટેલ સરકારનો શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં શપથવિધિ માટે 3 અલગ અલગ મોટા મંચ બનાવાયા હતા. જેમાં શપથવિધિ, સાધુ સંતો અને રાષ્ટ્રીય નેતા માટે 3 વિશેષ ડોમ ઉભા કરાયા હતા. ત્યારે આ શપથવિધિ સમારોહ પર સૌથી ધ્યાન ભૂપેન્દ્ર પટેલ મંત્રીમંડળના શપથ પર હતું. સૌથી પહેલા મુખ્યમંત્રી પદના ભૂપેન્દ્ર પટેલે શપથ લીધા હતા. ત્યારબાદ તેમણે પદ અને ગુપ્તતાના શપથ લઈને વિધિવત રીતે હસ્તાક્ષર કર્યા હતા. બાદમાં વડાપ્રધાનને આત્મીયતાથી હેન્ડશેક કર્યા હતા. આ ઘટનાઓ એટલી ઝડપી બની કે હાજર લોકો પણ દંગ રહી ગયા હતા. નરેન્દ્ર અને ભૂપેન્દ્રનું જબરું બોન્ડિંગ જોવા મળ્યું હતું.

પી.એમ. કિસાન સન્માનનિધિ યોજના

પી.એમ. કિસાન સન્માનનિધિ યોજનાના તમામ લાભાર્થીઓએ "આધાર e-KYC" અને "આધાર સીડિંગ" ફરજીયાત કરાવવું

તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીમાં જે ખેડૂતોનું "e-KYC" પુર્ણ થયેલ ના હોય તેવા ખેડૂતો હવે પછીના હપ્તા જમા કરવામાં આવશે નહિંભુજ,મંગળવાર

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯થી દેશના તમામ ખેડુતોને વાર્ષિક રૂ.૬૦૦૦/- (દર ચાર મહિને રૂ.૨૦૦૦/-)ની આર્થિક સહાય પી.એમ.કિસાન સન્માનનિધિ યોજના દ્વારા આપવામાં આવે છે. આ માટે તા.૦૧/૦૨/૨૦૧૯ ની સ્થિતિએ જે ખેડુત ખાતેદાર હોય તેને આ યોજના માટે લાયક ઠેરવવામાં આવેલ છે.

હાલમાં ખેડુતોને અપાતી આ રકમ સમયસર મળે છે અને જેતે ખેડુતને જ મળે તે ખરાઇ કરવા ના હેતુથી અને આ ચુકવણાની તમામ પધ્ધતિઓ આધાર બેઝ્ડ થાય તેવા બેવડા હેતુથી ભારત સરકાર દ્વારા આ યોજનાનો લાભ લેતા તમામ લાભાર્થીઓનું ફરજીયાત "આધાર e-KYC" અને "આધાર સીડિંગ" કરાવવું ફરજીયાત છે. આ કામગીરીને પુર્ણ કરવાની આખરી તારીખ કેંદ્ર સરકાર દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૨ નક્કી કરેલ છે. તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીમાં જે ખેડૂતોનું "e-KYC" પુર્ણ થયેલના હોય તેવા ખેડૂતોને યોજના હેઠળનો હવે પછીના હપ્તા જમા કરવામાં આવશે નહિં. આથી, જે લાભાર્થીઓના બેંક એકાઉન્ટ આધાર સાથે સીડીંગ કરવામાં આવેલ ન હોય તે તમામ લાભાર્થીઓનું "આધાર સીડીંગ" થાય તે માટે પી.એમ. કિસાન સન્માનનિધિ યોજનાના લાભાર્થીએ પોતાનુ એક્ટીવ બેંક ખાતા સાથે જે તે બેંકમાં રૂબરૂ જઈ અને આધાર સિડિંગ/આધાર લિંક કરાવવુ અનિવાર્ય છે. અન્યથા સમયમર્યાદામાં બેંક ખાતા સાથે આધાર સિડિંગ કરાવેલ નહિ હોય તેવા લાભાર્થીઓને આગામી હપ્તો મળવાપાત્ર થશે નહીં

વધુ વિગતો માટે જે તે ગામના ગ્રામસેવકશ્રી/વી.સી.ઈશ્રી/CSC કેન્દ્રના પ્રતિનિધિશ્રીનો સંપર્ક કરવા માટે જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રી ૧૪મી ડિસેમ્બરે અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજશતાબ્દી મહોત્સવના ઉદ્‌ઘાટન સમારોહમાં ભાગ લેશે

પ્રમુખ સ્વામી મહારાજ નો શતાબ્દી મહોત્સવ અમદાવાદ ખાતે 15.12.22 થી 15.01.23 (એક મહિના દરમ્યાન) ખૂબ જ દિવ્યતા અને ભવ્યતા થી ઉજવાશે તો આપ આપના કુટુંબ અને મિત્ર મંડળ સહિત અવશ્ય લાભ લેશો.

જેમ આપ ફેમિલી ટ્રીપ અને લગ્ન સમારંભ માટે 4-5 દીવસ કાઢો છો તો **શતાબ્દી મહોત્સવ માટે ફક્ત 1-2 દીવસ કાઢશો.**

વાર : શનિવાર અને રવિવાર (ઓફિસ પણ સચવાય)
પ્રવેશ સમય : રવિવારે - 9am - 10pmસોમ-શનિ - બપોરે 2pm - 10pm

કેવી રીતે પહોંચશો:
અમદાવાદ રેલ્વે સ્ટેશન થી - 50-55 min
લાલ દરવાજા બસ સ્ટોપ થી 40-45 min

ક્યાં રોકાશો :
1 કોઈ સગા સંબંધી કે મિત્રવર્ગના ઘરે
2 હોટલ માં

મહોત્સવ સ્થળ:
પ્રમુખ સ્વામી નગર, ઓગણજ સર્કલ ની પાસે, એસ. પી. રીંગ રોડ, અમદાવાદ - 380060

ક્યાં જમશો:
મહોત્સવ માં પ્રેમવતી (કેફેટેરિયા) માં વ્યાજબી દરે ભોજન ઉપલબ્ધ છે

શું શું જોશો :
પ્રમુખ સ્વામી નગર ના મુખ્ય આકર્ષણો:
1. 7 ભવ્ય પ્રવેશ દ્વાર
2. પ્રમુખ સ્વામી મહારાજ ની 30 ફૂટ ઊંચી મૂર્તિ
3. દિલ્લી અક્ષરધામ ની 62 ફૂટ ઊંચી પ્રતિકૃતિ
4. 5 અલગ અલગ ડોમ માં દ્રશ્ય શ્રાવ્ય માધ્યમ દ્વારા પ્રમુખ સ્વામી મહારાજ ના જીવન કાર્ય ને નિહાળશો
5. જ્યોતિ ઉદ્યાન (ગ્લો ગાર્ડન)
6. લાઇટ અને સાઉન્ડ શો (રોજ રાતે)
7. ભવ્ય બાલ નગરી (17 એકર)
8. પ્રગટ ગુરૂહરિ મહંત સ્વામી મહારાજ ના દર્શન આશીર્વાદ અને બીજી ઘણી ભવ્યતા અને દિવ્યતા થી ભરપુર જે ન ભૂતો ન ભવિષ્યતિ મહોત્સવ.

ત્યાં જ્યાં પણ ઉભા હશો ત્યાં સમયાંતરે આવતા જશે..
સ્વચ્છ ફ્રી આરઓ ઠંડું પાણી,
વ્યાજબી દરે..
નાસ્તા, કોલડ્રિંક્સ, આઈસ્ક્રીમ, કુલ્ફીલંચ, ડીનર
ફ્રેશ થવા...
ગાર્ડન ટોયલેટ,બાથરૂમ
અચૂક મુલાકાત દર્શને પધારી ધન્યતા અનુભવો

અવસાન નોધ

કચ્છ ન્યૂઝ

સ્વ. સેજબાઈ જીવરાજ ચોપડા
ઉમર : 49 વર્ષ | તા. 12-12-2022
કચ્છમાં : ઉખેડા (સ્થાનિક)

સ્વ. કાંતાબેન ગોપાલ નાકરાણી
ઉમર : 83 વર્ષ | તા. 12-12-2022
કચ્છમાં : નખત્રાણા
હાલે : ઈટારસી (મધ્ય પ્રદેશ)

હેલ્થ અવેરનેસ કેમ્પ, - માપસા ગોવા

શ્રી કેકેપી સમાજ માપસા દ્વારા મહિલાઓ માટે તા. 11/12/2022 ના રોજ હોટેલ ગ્રેન્ડ કદંબા ખાતે BREAST CANCER SCREENING CAMP નું ઉપયોગી અને સરસ આયોજન કરવામા આવેલ.

સૌપ્રથમ કેકેપી સમાજ માપસા ના ઉપપ્રમુખ, મનજીભાઇ પોકાર, મહામંત્રી, પુરુષોત્તમભાઈ માકાણી, અખિલ મહિલા સંઘ પ્રમુખ શ્રીમતિ જશોદાબેન નાકરાણી, માપસા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતિ વિજયાબેન નાકરાણી, યુવક મંડળ પ્રમુખ, વિસનજી વાસાણી, મહામંત્રી, ભુપેન્દ્ર દીવાણી, યુવતી મંડળ પ્રમુખ, જ્યોત્સના પોકાર ના સ્થાન ગ્રહણ બાદ આવેલ સિનિયર ડોક્ટર અમિત રોકાડે અને નિકી હડફડકર સાથે ડો. સ્ટેલા ફર્નાન્ડિસ, ડો. પ્રતીક્ષા સક્સેના, ડો. નમ્રતા ઝકાને નું સન્માન કરી સ્વાગત કરેલ અને ત્યારબાદ માં ઉમિયા નું સ્મરણ કરી દીપ પ્રાગટય કરેલ.

યુવક મંડળ અને યુવતી મંડળ ના સહકાર્ય થી આયોજીત આ કેમ્પ માં માપસા સમાજ ની 87 મહિલાઓ એ ભાગ લીધેલ.

ડો. નિકી દ્વારા આ કેમ્પ ની વિસ્તૃત જાણકારી આપવા માં આવેલ . એણે જણાવ્યું કે એમની ટીમ દ્વારા ગોવા માં આજ સુધી આશરે 44000 સ્ક્રીનીંગ ચેકઅપ કર્યા જેનામાં 1500 થી વધારે મહિલાઓ ને બીમારી તપાસણી દ્વારા લાભ થયેલ છે. આ કેમ્પ ક્રિકેટર યુવરાજ સિંહ દ્વારા YOU WE CAN NGO દ્વારા પુરસ્કૃત છે. મહિલાઓ ને હેલ્થ માટે ખૂબ જ ઉપયોગી જાણકારી આપવા માં આવી.

અંત માં સમાજ ના મહામંત્રી પુરુષોત્તમ માકાણી દ્વારા આભાર વિધિ કરવામાં આવેલ ઉત્તમ સુવિધાયુક્ત સ્થળ માટે હોટેલ ગ્રેન્ડ કદંબા અને આવેલ ડોકટરો નો આભાર માનવામાં આવેલ.

હેલ્થ ડિઝાસ્ટર સેક્રેટરી નીતિન નાકરાણી અને ટીમ દ્વારા કરેલ સરસ કામગીરી બદલ આભાર વ્યક્ત કરેલ.

કેકેપી મહિલા મંડળ માપસા
કેકેપી યુવતી મંડળ માપસા

તવાંગ મુદ્દે સંસદમાં વિપક્ષનો હંગામો

રક્ષા મંત્રીએ કહ્યું- અમારા કોઈપણ સૈનિકને ગંભીર ઈજા થઈ નથી

આપણા જવાનોએ બહાદુરીપૂર્વક ચીની સૈનીકોને તગેડી મૂક્યા છે : રાજનાથસિંહ

નવી દિલ્હી તા.. ૧૩

ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણના મુદ્દે રક્ષા મંત્રી રાજનાથ સિંહે આજે સંસદમાં સરકાર વતી નિવેદન જારી કર્યું હતું. લોકસભા અને રાજ્યસભામાં જવાબ આપતાં તેમણે કહ્યું કે ૯ ડિસેમ્બરે પીએલએ (ચીની સેના)ની એક ટુકડીએ તવાંગ સેક્ટરના યાંગત્સે વિસ્તારમાં એલએસી પર અતિક્રમણ કરીને એકપક્ષીય રીતે સ્થિતિને બદલવાનો પ્રયાસ કર્યો હતો. અમપણી સેના